કામનું નામ :– પ્રોવાઇડીંગ જર્મન ડોમ, મંડપ, ગ્રીન રૂમ ફર્નિચર એન્ડ અધર ડેકોરેટીવ સર્વિસ ફોર વી.વી.આઇ.પી. પ્રોગ્રામ એટ કચ્છ

## ટેન્ડરીંગ કમીટી દ્વારા પુર્વપાત્રતા નકકી કરવા માટેનું જરૂરીયાત પત્રક

### ખાસ શરતો

આ કામના ટેન્ડરમાં પૂર્વ પાત્રતા માટે નીચેની વિગતો ઓન લાઇન ઇ-ટેન્ડરીંગમાં સ્કેન કરેલ તમામ દસ્તાવેજો અલાયદા કવરમાં કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય)ભુજ- કચ્છની કચેરીએ ટેન્ડર સબમીટ કરવાની છેલ્લી તારીખથી દિન-3 માં કચેરીના કામકાજના સમયે આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે. જે કવર ઉપર "વી.વી.આઇ.પી. પ્રોગ્રામ એટ કચ્છ ડીસ્ટ્રીક્ટ" ની પૂર્વપાત્રતાની વિગતો એવુ સ્પષ્ટપણે લખવું.

| અ.નં. | દસ્તાવેજોની વિગત | એનેક્ષર |
|---|---|---|
| ૧ | પાન કાર્ડની નકલ | ૧ |
| ૨ | સીજીએસટી (CGST) તથા એસજીએસટી (SGST) રજીસ્ટ્રેશનની નકલ. | ૨ |
| ૩ | શોપ એસ્ટાબલીશમેન્ટ એકટ સર્ટીફીકેટ અથવા ધંધાના રજીસ્ટ્રેશનના પ્રમાણપત્રની નકલ. | ૩ |
| ૪ | માનનીય રાષ્ટ્રીયકૃત બેન્ક / શેડ્યુલ બેન્ક દ્વારા ઇજારદારની તરફેણમાં કામની અંદાજીત રકમના ૨૦% એટલે કે રૂ.૨૩૩.૦૧ લાખની ૨૦૨૬ના ચાલુ કેલેન્ડર વર્ષની સોલવંશી સર્ટીફીકિટની નકલ. | ૪ |
| ૫ | સદરહું કામગીરી નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવામાં આવશે, તે અંગેનો બાહેધરી આપતો પત્ર પોતાના લેટરપેડ ઉપર આપવાનો રહેશે. | ૫ |
| ૬ | છેલ્લા પાંચ નાણાંકીય વર્ષમાંથી કોઇપણ એક નાણાંકીય વર્ષમાં રૂ.૧૧૬૫.૦૧ લાખ કે તેથી વધુનું ટર્નઓવર જરૂરી છે, છેલ્લા પાંચ વર્ષનું ટર્ન ઓવર (નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ થી ૨૦૨૫-૨૬) અંગેનું માન્ય ચાર્ટડ એકાઉન્ટન્ટના સર્ટીફીકિટની નકલ રજુ કરવાની રહેશે. | ૬ |
| ૭ | આદરણીય વડાપ્રધાનશ્રી /રાષ્ટ્રપતિશ્રીના વિશિષ્ટ પ્રોગ્રામ માટે છેલ્લા ૦૫ (પાંચ) વર્ષ તથા ચાલુ નાણાંકીય વર્ષમાંથી કોઇપણ એક નાણાંકીય વર્ષમાં જર્મન એલ્યુમીનીયમ ડોમનો ઉપયોગ કરીને ઓછામાં ઓછા રૂ.૫૮૨.૫૦ લાખનું એક સરકારી કામ (૫૫૦૦૦ ચો.મી.નો જર્મન ડોમ તૈયાર કરેલ હોય) તેવું સંતોષકારક રીતે પૂર્ણ કરેલ હોવું જરૂરી છે તેમજ તેના પુરાવા તરીકે વિભાગ દ્વારા મંજુર કરેલ આખરી બીલની નકલ અને / અથવા ફોર્મ -૩ એ પ્રમાણપત્રની નકલ સામેલ રાખવી. | ૭ |
| ૮ | નિયમોનુસાર કામ માટે ભરવાની થતી ટેન્ડર ફી રૂ.૧૮૦૦૦/-ની રકમનો ડીમાન્ડ ડ્રાફ્ટ તથા બાનાની રકમ પેટે રૂ/.૧૧,૬૫,૧૦૦/-ના રકમની એફ.ડી.આર. ઓછામાં ઓછી ૬ માસની કાર્યપાલક ઇજનેર, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), ભુજ-કચ્છના નામે પ્લેઝડ કરવાની રહેશે તથા ફરજીયાત ઓનલાઇન સ્કેન કરી **n-procure** માં મુકવાની રહેશે તથા **DD & FDR** અલાયદા કવરમાં રાખી નિયત સમય મર્યાદામાં વિભાગીય કચેરી, ભુજ-કચ્છ ખાતે મોકલી આપવાની રહેશે. . | ૮ |
| ૯ | પુર્વ ઈતિહાસ સ્વચ્છ છે, નાણાંકીય સંસ્થાના ડીફોલ્ટર નથી, પોલીસ / કોર્ટ રેકર્ડ પર કેસ નોંધાયેલ નથી, આ પ્રકારની કામગીરી અંતર્ગત " કાળીયાદી " માં મુકાયેલ નથી તે અંગેનું રૂા.૩૦૦.૦૦ ના સ્ટેમ્પ પેપર ઉપર ફોટા સહીતનું સોગંદનામું નોટરી કરી રજુ કરવાનું રહેશે. | ૯ |
| ૧૦ | મંડપ સર્વિસ તેમજ ફર્નિચરને લગતો પોતાની માલીકીનો કેટલો માલ સામાન ધરાવે છે તેની વિગત દર્શાવતા પત્રકની નકલ રજુ કરવાની રહેશે. | ૧૦ |
| ૧૧ | પોતાની માલીકી નો એલ્યુમીનીયમ જર્મન ડોમ હોવો જરૂરી છે, તે અંગેના આધાર પુરાવાઓ રજુ કરવા.(બિલ રજુ કરવુ) | ૧૧ |

| | | |
|---|---|---|
| ૧૨ | કરવાના થતા કામોનો વર્ક પ્રોગ્રામ અલગથી તૈયાર કરી ટેન્ડર સાથે જોડવાની રહેશે. | ૧૨ |
| ૧૩ | આ કામગીરી માટે ઈજારદારે લેબર (રેગ્યુલેશન એન્ડ એબોલીશન એકટ–૧૯૭૦) તથા તે હેઠળ ૧૯૭૨ ના ગુજરાત નિયમોની જોગવાઈઓ તથા કામદાર વળતર અધિનિયમ–૧૯૨૩ તથા તે હેઠળના નિયમોની જોગવાઈઓ અનુસાર ઈજારદારશ્રીએ રોકેલ મજુરોના કાયદેસરના હિતોની રક્ષા કરવાની તેમજ પ્રસ્તુત કાયદા અને નિયમો હેઠળ કરાયેલ સુવિધા / સગવડો ઉપલબ્ધ કરાવવાનો પ્રાથમિક અને વૈધાનિક જવાબદારી મજુર કામે રાખનાર જે તે ઈજારદારશ્રીની રહેશે અને આ કામગીરી દરમ્યાન કામદારોને થતા અકસ્માતની શારીરિક ઈજા થાય તો તે અંગેની સઘળી જવાબદારી વળતર સહિતની ઈજારદારશ્રીની રહેશે તથા બાળમજુરો રાખવાના રહેશે નહી. તેવી સ્ટેમ્પ ઉપર લેખિત બાંહેધરી રજુ કરવી. | ૧૩ |
| ૧૪ | અગાઉ કરેલ આવા પ્રકારના પ્રોગ્રામ સ્ટેટ / રાષ્ટ્રીય કક્ષાના કરેલ કામોના ફોટોગ્રાફસ રજુ કરવાના રહેશે. | ૧૪ |
| ૧૫ | ઈજારદારશ્રી ધ્વારા પોતાના દરેક કામદારો માટે વેલીડ વીમા પોલીસી લીધેલ હોવી જઈએ. આ અંગેની સઘળી જવાબદારી ઈજારદારશ્રીની રહેશે. તે અંગેની બાંહેધરી આપવાની રહેશે. | ૧૫ |
| ૧૬ | આ સાથે જોડેલ શરતો મે / અમોએ બરાબર વાંચી અને સમજી છે અને અમોને આ શરતો મંજુર છે તેની સંમતી દર્શાવતી સહી શરતોની નીચે કરવાની રહેશે અને પુર્વપાત્રતા બીડની સાથે બીડવાની રહેશે. | ૧૬ |

**નોંધ :– ઉપરોકત તમામ દસ્તાવેજો સ્કેન કરી ફરજીયાત મુકવાના રહેશે, કમીટી ને જરૂર જણાયે અન્ય દસ્તાવેજો / આધાર પુરાવા માંગણી કર્યેથી અચુક રજુ કરવાના રહેશે. ઉપરોકત તમામ દસ્તાવેજો સ્કેન કર્યા સિવાયના ટેન્ડર ગણતરીમાં લેવામાં આવશે નહી, જેને રદબાતલ ગણવામાં આવશે. જેની ખાસ નોંધ લેશો.**

- ➡ આ કામની પુર્વપાત્રતા ( પ્રિ–કવોલીફીકેશન) માં સફળ થયેલ ઈજારદારશ્રી ના ભાવપત્રકો (પ્રાઈસબીડ) ખોલવામાં આવશે.
- ➡ પુર્વ પાત્રતા અંગેનો આખરી નિર્ણય કમીટી / સક્ષમ અધિકારીશ્રીનો રહેશે.
- ➡ કોઈપણ કારણોસર સદરહું કાર્યક્રમમાં ફેરફાર થશે તો જે તે સ્થિતિ એ કમીટી દ્વારા જે નિર્ણય લેવામાં આવશે તે ઈજારદારશ્રી ને બંધનકર્તા રહેશે અને તે બાબતે ઈજારદારશ્રી દ્વારા ભવિષ્યમાં કોઈપણ પ્રકારનો વાંધો માન્ય રહેશે નહી.
- ➡ ઓનલાઈન રજુ કરેલ સમસ્ત દસ્તાવેજો આર.પી.એ.ડી ઓનલાઈન મુકેલ તારીખ સુધીમાં કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજય), ભુજ–કચ્છની કચેરીએ રજુ કરવાના રહેશે.
- ➡ કોઈપણ વિવાદનું ન્યાય ક્ષેત્ર ભુજ–કચ્છ ન્યાયાલય રહેશે.

**ઠેકેદારશ્રીની સહી**

**કાર્યપાલક ઈજનેર**
**માર્ગ અને મકાન વિભાગ,**
**ભુજ–કચ્છ**